©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 08th APRIL, 2026/CHAITRA 18, 1948 [No. 2568

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯
જુઓ નિયમ-૨૬(૯)
નગર રચના યોજના નં.૧૯(નારી)

પ્રારંભિક યોજના

પત્ર નં. નરયો/ભાવ/નં. ૧૯(નારી)/પ્રારંભિક/અધિસુચના/પ્રસિધ્ધી/૭૯૩.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ-(૧) ની જોગવાઇ પ્રમાણે તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૯) અનુસાર નગર રચના અધિકારી તરીકેના નગર રચના યોજના નં.૧૯ (નારી) ભાવનગરની પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો આજ રોજ તારીખ : ૨૭-૦૩-૨૦૨૬ ને શુક્રવાર ના રોજ જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઇઓ અનુસાર સદર પ્રારંભિક યોજના સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ-(૧) તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૯) ની જોગવાઇ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા ફોર્મ-"જે" ની નકલ આ યોજનામાં સમાવિષ્ટ સંબંધિત જમીન માલિકો/હીત સંબંધ ધરાવતી વ્યક્તિઓને મોકલવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની તમામ માહીતી, નિર્ણયો અને નકશાઓની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહું યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તારીખ : ૨૭-૦૩-૨૦૨૬
સ્થળ : ભાવનગર

એસ. એન. પારગી
નગર રચના અધિકારી અને
પ્રવર નગર નિયોજક
ભાવનગર

કચેરીનું સરનામું :

પ્રવર નગર નિયોજકશ્રી અને નગર રચના અધિકારીશ્રીની કચેરી,
પ્રથમ માળ, પુર્વ ઝોનલ ઓફીસ, ભાવનગર નગર મહાનગરપાલિકા,
રીંગ રોડ, તરસમીયા, ભાવનગર
ફોન નં. (૦૨૭૮) ૨૪૩૩૬૬૦.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.04.09 14:43:43 IST